# ગ્રામીણ વિસ્તારમાં વધુ ૨૦ કેસ

## ગાંધીનગરમાં ૯, દહેગામમાં ૧, કલોલ-માણસામાં ૫-૫ કેસ : કુડાસણમાંથી ૪ કેસ મળ્યા : ૧૪ને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના વધુ ૨૦ દર્દીઓ મળી આવ્યા છે. જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ ઉતાર જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલ ૨૦ કેસમાં સાત જેટલી મહિલા દર્દી મળતાં તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૧, કલોલ અને માણસામાંથી પાંચ-પાંચ કેસ મળી આવ્યા છે. નવ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના જાખોરા ગામેથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. છાલા ગામેથી ૩૪ વર્ષીય યુવાન વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી આજે ચાર કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. આ ગામેથી ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. સરગાસણ ગામેથી ૨૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. સાદરા ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી ૪૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે. તાલુકાના ઈટાદરા ગામેથી ૬૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. લોદ્રા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન વિસ્તારમાંથી આજે બે વેપારી કોરોનાની ઝપટે ચડ્યા છે. ૩૬ વર્ષીય વેપારી અને ૨૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાં પણ આજે પાંચ કેસ નોંધાયા છે અને બધા જ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી નોંધાયા છે. બોરીસણા ગામેથી ખાનગી નોકરી કરતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બાલવા ગામેથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સાંતેજ ગામેથી આજે એક સાથે ત્રણ કેસ મળી આવ્યા છે. ૩૦ વર્ષીય ગૃહીણી, ૫૦ વર્ષીય ગૃહીણી તેમજ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૧૧૬ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૫૨૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# શહેરમાં વધુ ૧૭ કેસ કોરોનાના નોંધાયા

## શહેરમાં નવા સે. ૫, સે. ૨૨, ૨૯, ૬, ૨૪માંથી ૨-૨ અને સે. ૧૩માંથી ૩ કેસ ઉપરાંત સે. ૨૮, સે. ૨૩, ૨૯, આદિવાડાથી કેસ મળ્યા

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૧૭૧૭ થઈ છે.

આજે શહેરમાં ૮ મહિલાઓ કોરોનાથી સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યો છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની પુષ્ટિ કરતુ હોય તે સ્પષ્ટ થાય છે. જો કે તંત્ર આ મુદ્દે મગનું નામ મરી પાડતુ નથી.

શહેરમાં આજે સે. ૫, સે. ૨૨, ૨૯, ૬, ૨૪ માંથી ૨-૨ અને સે. ૧૩ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૨૮, સે. ૨૩, ૨૯, આદિવાડાથી કેસ મળી આવ્યા છે.

સે. ૨૨ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રએ હવે સે. ૨૨ને સંવેદનશીલ કેટેગરીમાં મુક્યુ છે. આજે પણ આ સેક્ટરમાંથી ૨ કેસ મળી આવ્યા છે. સે. ૨૨માં રહેતી અને ગ્રામભારતી ખાતે રિસર્ચ એસોસીએટ તરીકે ફરજો બજાવતી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ભાટ સ્થિત ટોરેન્ટ રિસર્ચમાં સાયન્ટીસ્ટ તરીકે ફરજો બજાવતી ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૯ માં રહેતા અનેસે. ૧૫ સ્થિત ફાર્માટ્રેનીંગ સેન્ટરમાં આસિ. ડાયરેક્ટર તરીકે ફરજો બજાવતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએહોમ આઈસોલેશનનોવિકલ્પ સ્વીકાર્યોછે.

સે. ૬ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સી.બી.આઈ.માં ફરજો બજાવતા ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૧૩ માં રહેતા અને બોપલની ખાનગી કંપનીમાં સિસ્ટમ એડમીન તરીકે ફરજો બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માંથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી વેપાર સાથે સંકળાયેલ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી વધુ બે કેસ મળી આવ્યા છે. ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત નંદા ઓટોમોબાઈલમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજો બજાવતી ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩ માંથી સ્વામિનારાયણ મંદિરના ૨૦ વર્ષીય સંતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આદિવાડા ગામેથી ૩૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માં રહેતા અને સી.યુ. શાહ કોલેજમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં માતા-મરણ અને બાળ-મરણને લઈ જિલ્લા આરોગ્ય અધિકારીએ આજે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી.
- કોરોના વેક્સીન અંગેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા માટે આજ ખાસ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં રસ્તાઓના મરામતનું કામ હાથ ધરાતાં વાહનચાલકોમાં રાહતની લાગણી ઉભી થઈ છે.
- કિસાન સર્વોદય યોજનાનું ૨૪મી ઓક્ટો.ના રોજ લોકાર્પણ થવાનું હોઈ તંત્રમાં આ અંગે દોડધામ જોવા મળી હતી.
- ભીમરાણા ખાતે આસો સુદ ૧૩ ના રોજ યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ રાખવામાં આવ્યાનું મંદિરના મહંતે જણાવ્યુ છે.

## છેલ્લા સાત વર્ષથી પ્રોહીબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબી પોલીસ મથકની ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા એએસઆઈ મનુજી બેચરજીને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે કલોલ ડી માર્ટ પાસે બ્રિજ નીચેથી બાબુભાઈ બિશ્નોઈને પકડી પાડ્યો હતો. કડી પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા સાત વર્ષથી નાસતા-ફરતા આરોપી બાબુભાઈ ધનાભાઈ બિશ્નોઈ ઉર્ફે બાબુજી મારવાડી (રહે. હાલ મંડાલી ન્યુ રામદેવ હોટલ ખાતે, મુળ સારણો કી ઢાણી, અરણા ગામ તા.સાચોર જી. ઝાલોર રાજસ્થાન)ને કલોલ ડી માર્ટ સામે આવેલા બ્રિજ નીચેથી એલસીબી પોલીસે આરોપીને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

## નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ કોરોના પોઝીટીવ

નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલનો આજે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં પંચાયતના વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે તેમણે સુગંધ આવવાની બંધ થતાં કોરોના અંગે એન્ટીજન ટેસ્ટ આજે બપોરે કરાવ્યો હતો. જેમાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં જ તેઓ હોમ ક્વોરોન્ટાઈન થયા છે. જિલ્લા પંચાયતમાં જિલ્લા ખેતીવાડી અધિકારી પછી બીજા અધિકારી કોરોનામાં સપડાયા છે. જોકે વર્ગ-૩ ના ૪ જેટલા કર્મચારીઓ કોરોનામાં સપડાઈ ચુક્યા છે.



ચિલોડા-હિંમતનગર હાઈ વે પર આવેલા ધણપ ગામે સવારના સમયે અવાવરૂ ૧૫૦ ફુટ ઉંડા કુવામાં શ્વાન અંદર પડી ગયું હતું. શ્વાનના અવાજને પગલે ગ્રામજનોએ ગાંધીનગર ફાયર બ્રિગેડનો સંપર્ક કરતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાન જયેશ કોટવાલ સીડી મારફતે આ કુવામાં અંદર ઉતરીને શ્વાનને બચાવી લીધો હતો. જયારે આ રેસ્કયુમાં દિનેશભાઈ ચૌધરી, અજય પટેલ, નિમેષ પંચાસરા, રોહિતસિંહ ડાભી, અને પ્રભાત દેશમુખનો સહયોગ સાંપડ્યો હતો. જયારે શ્વાનને હેમખેમ બહાર નીકાળતા ગ્રામજનોએ ફાયરટીમનો આભાર વ્યકત કર્યો હતો.

# ગુજરાતમાં બંધારણનુ રાજ ખતમ, ઝુંપડાવાસીઓ માટે ઉગ્ર લડત આપીશુ : જિજ્ઞેશ મેવાણી

## સ્ટેશન પાછળના ઝુંપડા દુર કરાયા બાદ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સ્થળ મુલાકાત લીધી : મુખ્યમંત્રીએ શ્રમિકોને મળી તેમની વેદના સમજવી જોઇએ : મેવાણી

ગાંધીનગર તા ૨૨

રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી દબાણો દુર કરાયા બાદ ઝુંપડાવાસીઓ હાલ પણ જગ્યાની શોધમાં છે. ત્યારે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ આજે સ્થળ મુલાકાત લઈને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ ઝુંપડાવાસીઓની છત છીનવી લેવાઈ હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો. તેમણે આ અંગે રોષ વ્યકત કરતા જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં બંધારણનુ રાજ ખતમ થઈ ગયુ છે ત્યારે ઝુંપડાવાસીઓને ન્યાય મળે તે માટે આગામી દિવસોમાં આંદોલનની રાહે લડત આપવા માટે પણ



વિચારણા છે.

રેલવે સ્ટેશન પાછળથી મોટી સંખ્યામાં ઝુંપડાના દબાણો દુર કરાયા બાદ આજે ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ સ્થળ મુલાકાતી લીધી હતી. આ તબકકે જિજ્ઞેશ મેવાણીએ શ્રમિકોના માથેથી છત છીનવાઈ હોવાનો આક્રોશ વ્યકત કરતા જણાંવ્યુ હતુ કે ગુજરાતની વિજય રૂપાણી સરકાર ડો બાબા સાહેબ આંબેડકરના બંધારણમાં માનતી નથી પરંતુ ગાંધીજીના ચશ્માનો ઉપયોગ સ્વચ્છતાના અભિયાન માટે કરે છે. ગાંધીજીના નામે નગરમાં મહાત્મા મંદિર બનાવ્યુ છે. સેંકડો પરિવારોને તેમના છત અને આશિયાનાથી દુર કર્યા છે. સે-૧૪ માં થી કોઈપણ સંજોગોમાં ખસેડવામાં આવશે નહીં અને જો ખસેડવામાં આવે તો વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડીશુ. આ સંદર્ભે વર્ષ ૨૦૧૫-૧૬ માં ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પીટીશન ફાઈલ થઈ હતી આ પીટીશનમાં



ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો હતો કે જે લોકો પોતાના આધાર પુરાવા રજુ કરે તે પુરાવાને માર્ગ મકાન વિભાગના ઈજનેર અને કલેકટરે વંચાણે લઈ એકપણ વ્યકિત આવાસથી વંચિત ન રહે તે મુજબ કરજો આમછતા જે નગરમાં મહાત્મા ગાંધીના નામે રૂપાણી સરકાર રાજકારણ કરે છે. તે જ શહેરમાં સે-૧૪ ના ૪૦૦ થી ઝુંપડાવાસીઓની છત છીનવી તેમને સબડવા માટે મુકી દીધા છે. પ્રધાનમંત્રીના સી પ્લેનના કાર્યક્રમ વેળાએ પણ ઝુંપડાવાસીઓએ રજુઆત કરવી જોઈએ. માથે છત હોવાના અધિકાર દેશના બંધારણે આપેલો છે. સ્વંત્રતાના આટલા દાયકાઓ બાદ પણ ૨ હજાર શ્રમિકોને ઉપર ખુલ્લા આકાશ નીચે રઝડતા મુકી દેવાયા છે અલબત્ત ગુજરાતમાં સૌનો સાથ અને વિકાસ નથી બંધારણનુ રાજ ખતમ થયુ છે. ત્યારે આગામી દિવસોમાં આંદોલનની રાહે પણ લડત આપવા તૈયાર છીએ.આગામી દિવસોમાં ગુજરાત હાઈકોર્ટના દ્વાર પણ ખટકાવીશુ. મુખ્યમંત્રીએ પણ આ શ્રમિકોને મળીને તેમની વેદના સમજવી જોઈએ. સૌનો સાથ સૌનો વિકાસ તેવો દાવો કરવો એ માત્ર ખોટો દંભ છે.

# ઝુંપડા દુર કરવામાં તંત્રએ ૧૨૯ વૃક્ષોના મુળિયા પણ ઢીલા કરી નાંખ્યા

## રેલવે સ્ટેશન પાછળ સ્થિત દબાણો પર બુલડોઝર ફરવાની સાથે વૃક્ષોને પણ નુકશાન : વનતંત્રએ ૧.૨૯ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર તા ૨૨

રેલવે સ્ટેશન પાછળના દબાણો દુર કરવાની કામગીરીમાં તંત્રએ બુલડોઝર અને ટ્રેકટર ફેરવી દબાણો અને સામાન ઉલેચ્યો હતો જયારે આ કામગીરી દરમિયાન આ



વિસ્તારમાં સ્થિત ૧૨૯ જેટલા હરિયાળા વૃક્ષોનુ પણ નિકંદન વળી ગયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે વૃક્ષોને નુકશાન પહોંચાડવાની આ હરકત સામે વનતંત્રએ પણ માર્ગ મકાન વિભાગ પાસેથી દંડ વસુલ્યો છે. માર્ગ મકાન વિભાગે રૂ ૧.૨૯ લાખનો દંડ ચુકવવાની ફરજ પડી છે. શહેરમાં આમ પણ વિકાસના નામે અનેકવિધ હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળે છે ત્યારે દબાણ દુર કરતી વેળાએ પણ હરિયાળીને નુકશાન થતા વનતંત્રએ પણ કડક વલણ અપનાવ્યુ છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારમાં અન્ડર પાસના પ્રોજેકટનુ કામ છેલ્લા ઘણાં સમયથી અધુરુ છે. જયારે અન્ડરપાસની આ કામગીરી અન્વયે આ વિસ્તારમાં દબાણો નડતરરૂપ હોવાથી થોડા દિવસો અગાઉ તંત્ર દ્વારા ઝુંપડાના દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાઈ હતી. અંદાજિત ૫૦૦ જેટલા ઝુંપડાના વર્ષો જુના દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ ત્રાટકી હતી આ દરમિયાન જે સી બી મશીન અને ટ્રેકટર સહીત વિભાગના અધિકારીઓએ દબાણો દુર કરવા માટે મેગા ડીમોલીશન હાથ ધર્યુ હતુ. જયારે દબાણો દુર કરાયા બાદ થોડા દિવસોમાં જ દબાણકર્તાઓ ફરીથી આ વિસ્તારમાં પરત આવવાની હિલચાલ કરતા તંત્ર દ્વારા તેમને અટકાવાયા હતા પરંતુ આ દરમિયાન દબાણો દુર કરવાની આ ઝુંબેશના અંતે હરિયાળા વૃક્ષોને પણ નુકશાન થયુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ દબાણો દુર કરવા માટે સ્થળ પર ફરતા જેસીબીના લીધે ૧૨૯ વૃક્ષોના મુળિયા ઉખડ્યા હતા.જેના અંતે વનતંત્રએ પણ સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી વૃક્ષોની નુકશાની માટે જવાબદાર માર્ગ મકાન વિભાગને દંડ વસુલી માટે નોટીસ આપી હતી જયારે આ અન્વયે વનતંત્રએ વિભાગ પાસેથી રૂ ૧.૨૯ લાખનો દંડ વસુલ્યો છે.

# અડાલજ સોનાની ચેઈન વેચવા માટે ફરતા શખ્સ ઝડપાયો

## બે વર્ષ અગાઉ રીક્ષામાં બેસીને અન્ય મુસાફરની સોનાની ચેઈન ચોરી હતી

ગાંધીનગર, તા. ૨૨

આજથી બે વર્ષ પહેલા રીક્ષામાં મુસાફર તરીકે બેસીને અન્ય સવાર મુસાફરે પહેરેલી સોનાની ચેઈન ચોરી કરનાર શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે શખ્સની ચકાસણી કરતા તેની પાસેથી રૂ.૫૫ હજારથી વધુની સોનાની ચેઈન મળી આવી હતી. અડાલજ ચેઈન વેચવા માટે શખ્સ ફરી રહ્યો હતો તે સમયે એલસીબી-૨ એ પકડી પાડ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે સમયે એએસઆઈ હજારીસિંહ અને હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે અડાલજ બાલાપીર ચોકડી પાસે દાગીના વેચવા માટે ફરતા શખ્સને દબોચી લીધો હતો. પોલીસે તે શખ્સનું નામ પુછતા તેણે અસારવાનો સુરેશ જયંતિ પટ્ટણી હોવાનું ધ્યાને આવ્યું હતું. શખ્સના પેન્ટના ખિસ્સામાંથી સોનાની ચેઈન કિં.૫૫,૪૯૬ ની મળી આવી હતી. ચેઈન અંગે આધાર પુરાવા માંગતા તેની પાસે ન હતા. પોલીસે તેની ઉંડાણપૂર્વક તપાસ કરતા સોનાની ચેઈન ચોરીની હોવાનું જણાવ્યું હતું. આજથી બે વર્ષ પહેલા તે મહેસાણા ગયો હતો, તે સમયે બપોરના સમયે આરટીઓ સર્કલ થી આવતી શટલ રીક્ષામાં તે સવાર હતો. આ સમય દરમિયાન રીક્ષામાં મુસાફર તરીકે બેઠેલા અન્ય વ્યકિતના ગળામાં પહેરેલો સોનાનો દોરો તોડી લીધો હતો. આ સોનાનો દોરો વેચાણ માટે તે ફરી રહ્યો હતો, તે સમયે તે એલસીબી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. બનાવ સંદર્ભે સોનાની ચેઈન જપ્ત કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આગામી ૧લી નવેમ્બરથી સાઈ સંકુલ ફરી રમતગમતથી ધમધમી ઉઠશે

ગાંધીનગરમાં કોરોના વાયરસને કારણે લાગુ પડેલા લોકડાઉનથી અત્યારે અનલોક-૫ના અમલ સુધી સ્પોર્ટસ પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ જવા પામી હતી. જો કે આગામી તા. ૧લી નવેમ્બરથી શહેરના સેકટર-૧૫ના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલમાં ફરી એકવાર રમતગમત ધમધમતી થશે તેવા સમાચાર પ્રાપ્ત થવા પામ્યા છે. શહેરમાં વિવિધ સ્પોર્ટસ ક્ષેત્રે તાલીમ માટે જાણીતા સાઈ સંકુલમાં કોરોનાને કારણે તમામ પ્રકારની રમતગમત તથા તેની તાલીમની પ્રવૃત્તિઓ પર રોક લગાવી દેવામાં આવી હતી. એક તબક્કે સાઈ સેન્ટરનો ઉપયોગ કોવિડ-૧૯ના કોરોન્ટાઈન સેન્ટર તરીકે પણ આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. જો કે હવે દેશભરના સાઈ સેન્ટરોમાં આગામી તા. ૧લી નવેમ્બરથી સ્પોર્ટસ ગતિવિધિઓને શરૂ કરવા આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. જેના પગલે ફરી એકવાર ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેનું સાઈ સંકુલ ખેલાડીઓ તથા રમતગમતથી ધમધમી ઉઠશે. આ સાથે વિવિધ રમતોના તાલીમાર્થીઓ સંકુલમાં પરત ફરશે. અને આગામી વર્ષે જાપાનમાં યોજાનાર ટોકિયો ઓલ્મ્પિક અને પેરાલિમ્પિકને ધ્યાનમાં રાખીને તાલીમ શરૂ થશે.

## ...પત્રનો યોગ્ય જવાબ નહિ મળે તો આંદોલન કરીશ : હિરલ જોશી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭ ના મહિલા કાઉન્સીલર હિરલબેન જોશી દ્વારા સ્ટ્રોમ વૉટર લાઈનની ગુણવત્તાને લઈ વારંવાર રજુઆત પછી પણ તંત્ર દ્વારા જવાબ આપવામાં આવતો ન હોવાથી આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

આજે મનપાના કમિશનરને તેમણે લખેલા પત્રમાં તેમના પત્રની આ રજુઆત અંગે યોગ્ય પ્રત્યુત્તર નહિ મળે તો સાત દિવસ બાદ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

તેમણે તેમના આ પત્રમાં અગાઉ આ મુદ્દે લખેલા વિવિધ પત્રોના સંદર્ભો અને તારીખો ટાંકી રજુઆત કરતાં જણાવ્યુ છે કે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત આ પ્રોજેક્ટ લેવાયો હોય તો આપ તેના ચેરમેન છો પણ આપે એકપણ ફિલ્ડ વિઝીટ આ સંદર્ભે કરી નથી તેનુ દુઃખ પણ છે.

અમારા પત્રોના જવાબ નહિ આપી આપ જાહેર સેવક તરીકેની ફરજો ચુકી રહ્યા છો તેવુ પણ અમારૂ સ્પષ્ટ માનવુ છે.

હિરલ જોશીએ આ પત્રમાં જણાવ્યુ છે કે સીટી ઈજનેર સહિત લગભગ તમામ અધિકારીઓનું આ મુદ્દે વારંવાર લેખિત અને મૌખિક ધ્યાન દોરવામાં આવ્યુ છે પણ કોઈ જ કાર્યવાહી થતી નથી. ભ્રષ્ટાચારમાં જ તંત્ર વ્યસ્ત બન્યુ હોય તેવી છાપ સ્વયં સ્પષ્ટ થાય છે. સ્ટ્રોમ વૉટર લાઈન ગટરલાઈનની બાજુમાં જ નાંખવામાં આવી રહી છે જેથી વારંવાર ગટરલાઈનો પણ તુટી રહી છે. આ ખોદકામની માટી પણ ગટરલાઈનોમાં જતાં ગટરો ઉભરાવવાની પણ ફરિયાદો વધી છે. તેમણે જણાવ્યુ છે કે સપ્તાહમાં તેમને યોગ્ય પ્રત્યુત્તર નહિ મળે તો તેઓ આંદોલનનો માર્ગ અપનાવશે. અગાઉ વિપક્ષી નેતાએ પણ આંદોલનની ચીમકી આપી હતી. સામાન્ય સભામાં પણ સભ્યોના પત્રોના પ્રત્યુત્તર નહિ અપાતા હોવાની ગંભીર ફરિયાદો રજુ થઈ હતી જે ઉલ્લેખનીય છે.